હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ, કોરોનાની મંદીને કારણે મને આત્મહત્યાનો વિચાર બિલકુલ નથી આવતો અને આવવાનો પણ નથી કારણ કે... મારા બધા લેણદારોએ આત્મહત્યા કરી નાખી છે....

સે-૫માં બાળકો ઉઠાવી જતી ગેંગ સક્રિય

ગાંધીનગર, તા. ૧૪

પાટનગરમાં વાહનચોર અને ઘરફોડીયાઓએ આંતક મચાવ્યો છે. શાંત અને સલામત પાટનગરમાં ગુનેગારો બેફામ બની રહ્યા છે. પોલીસ ગુનેગારોને ઝડપી પાડવા કમર કસી રહી છે. ત્યારે પાટનગરના સેક્ટર-૫-સી ખાતે છેલ્લા પાંચ દિવસમાં ઘર પાસે રમતા ત્રણ બાળકો ઉઠાવી જવાનો પ્રયાસ કરતા સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ છવાયો છે. ત્યારે સેક્ટર-૫-સીના બાળકો પર જીવનુ જોખમ ઉભુ થતા પોલીસ સમક્ષ સલામતીની માંગ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૫-સી ખાતે વસવાટ કરતા માનસિહ એચ. રાવ અને અન્ય વસાહતીઓએ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર પાટનગરમાં બાળકો ઉઠાવી જનાર ટોળકી સક્રિય બની હોય તેમ લાગી રહ્યુ છે. ગત તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સે. ૫-સી ખાતે રામચંદ્રન મિસ્ત્રીના મકાન પાસે બાળકો રમી રહ્યા હતા તે સમયે યામાહા મોટરસાઈકલ પર બે યુવાન આવ્યા હતા. તેઓએ બેબીને ખેંચી હતી પરંતુ તેમના ૧૨ વર્ષના દિકરાએ બાળકીને પોતાની બાજુ ખેંચી હતી. હોહા થતા તેઓ ભાગી ગયા હતા. ત્યારબાદ તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ નરેશભાઈ ગઢવીનો આશરે ૧૩ વર્ષનો દિકરો રમી રહ્યો હતો તે સમયે ૩.૫૦ થી ૪ વાગ્યાના સુમારે તે જ બાઈકવાળો આવ્યો હતો અને થોડાક દૂર અંતરે ઉભા રહીને બાળકને બોલાવ્યો હતો.

મંદિરનું નામ કહી પોતાની બાઈક પાછળ બેસી જવા કહ્યુ હતુ, પરંતુ બાળક ઘરે આવી ગયો હતો. ત્યારબાદ તે ઘરમાં ઉપરના માળે અભ્યાસ કરતો હતો ત્યારે ફરીવાર શંકાસ્પદો આવ્યા હતા અને આસપાસમાં નજર કરીને જતા રહ્યા હતા. જ્યારે ત્રીજો બનાવ રવિવારે બપોરે ૩.૩૦ ના સુમારે બન્યો હતો. માનસિંહ રાવની ૧૦ વર્ષીય પૌત્રી દુકાને મહેંદી લેવા માટે ગઈ હતી તે પરત આવી રહી હતી ત્યારે ઘરની બહાર સફેદ મોટરસાઈકલવાળો ધસી આવ્યો હતો. તેણે બાળકીને ઘરના દરવાજા આગળ ઉભી રાખીને પુછ્યુ હતુ કે સેક્ટર-૫-સી આજ છે.

બાળકીએ હા પાડી અને દરવાજાની અંદર દાખલ થઈ હતી. ત્યારે પાછળથી ફોક પકડીને ખેંચ્યુ હતુ. પાડોશી નરેશભાઈ બાળકીને જોઈ રહ્યા હતા. યુવકે તેનુ ફોક ખેંચતા જ તેઓ બુમો પાડી દોડી આવ્યા હતા જેથી બાઈકચાલક ભાગી છુટ્યો હતો. બાળકોના જીવ પર ઉભા થયેલા જોખમને પગલે સ્થાનિક નાગરિકો દ્વારા આ ઘટનાને પગલે તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. વસાહતીઓની અરજીને પગલે સેક્ટર-૭ પાસે સીસીટીવી ફુટેજની મદદથી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરમાં વિકાસના કાર્યો ખૂબ થઈ રહ્યા છે. જેના પરીણામે ઠેર ઠેર ખાડા ખોદવામાં આવ્યા છે. જેના કારણે કેટલાક સ્થળોએ અંડરગ્રાઉન્ડ કેબલ કપાઈ જતાં મુખ્ય માર્ગો પર અંધારપટ છવાયો છે. સેકટર-૫માં પણ પાણીની ટાંકીવાળા રસ્તે સ્ટ્રીટલાઈટ બંધ થઈ જતાં અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે.

ખૂણેખાંચરેથી

- સચિવાલય સ્વર્ણીમ સંકુલ-૧ પાસે સેનેટાઈઝેશન તેમજ ઓક્સીજન માપવા માટે મુકવામાં આવેલ ટનલ આજે પબ્લીક ડે હોવા છતાં બંધ હતી. ગત સપ્તાહે પણ આ ટનલ બંધ રહી હતી.
- રાજયમાં કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિ અંગે રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિ અને રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ વચ્ચે આજે સમીક્ષા બેઠક થઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રવેશદ્વાર પાસે જ વરસાદી પાણી ભરાઈ રહેતાં ત્યાં મચ્છરોની ઉત્પત્તિ જોવા મળી રહી છે અને કર્મચારીઓમાં કોરોનાથી ગભરાવુ કે વાહકજન્ય રોગચાળાથી ગભરાવુ તેને લઈ રસપ્રદ ચર્ચાઓ શરૂ થઈ છે. પંચાયત પાસેથી પસાર થતી સ્ટ્રોમ વૉટર લાઈન ચોક-અપ થઈ હોવાથી અહિ સમસ્યા વકરી હોવાની વાતો પણ કર્મચારીઓમાં થતી સાંભળવા મળી હતી.
- આજે જિલ્લા આરોગ્યતંત્રની પાંચ જેટલી સમીક્ષા બેઠકો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળવાની છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા આજથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે સેવા સપ્તાહની ઉજવણી શરૂ કરાઈ છે.

ગિફ્ટ સિટીમાં સિટી બેન્ક એન.એ. દ્વારા આઈએફએસસી બેંકિંગ યુનિટ સ્થાપશે

યુએસમાં મુખ્યાલય ધરાવતા સિટીબેંક એન.એ. (સિટી)એ ગિફ્ટીસિટીમાં આઈએફએસસી બેંકિંગ યુનિટ (આઈબીયુ)ની સ્થાપના કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) અને ગિફ્ટ એસઈઝેડ ઓથોરિટી પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. સિટી દ્વારા પ્રસ્તાવિત આઈબીયુનો પ્રારંભ ભારતમાં આઈએફએસસીમાં મહત્વપૂર્ણ મધ્યાય છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે ગિફ્ટની ક્ષમતાને સાબિત કરે છે. ભારતમાં સિટી માટે પણ આ મહત્વપૂર્ણ સિદ્ધિ છે, જે દેશમાં એક દાયકાથી વધુ સમયથી ઉપસ્થિતિ ધરાવે છે.

ગિફ્ટ આઈએફએસસીમાં સિટીબેંકનું સ્વાગત કરતાં ગિફ્ટ સિટીના એમડી અને સીઈઓ તપન રે એ જણાવ્યું હતું કે સિટીબેંકની ઉપસ્થિતિ ગિફ્ટ આઈએફએસસીમાં ફોરેન બેંક ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરે છે. ભારત સરકારે ઓફશોર ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન્સને ઓનશોર કરવા માટેના કેન્દ્ર તરીકે ગિફ્ટ આઈએફએસસીની કલ્પના કરી છે અને સિટીબેંકની હાજરી આ વિઝનને દર્શાવે છે.

ગિફ્ટ આઈએફએસસીમાં બેંકની પ્રસ્તાવિત હાજરી અંગે પ્રતિક્રિયા આપતાં સિટી ઈન્ડિયાના સીઈઓ અશુ ખુલ્લારે જણાવ્યું હતું કે, આઈએફએસસી બેંકિંગ યુનિટ અમારા સ્થાનિક કોર્પોરેટ અને એમએનસી ક્લાયન્ટ્સ માટે તેમના ટ્રેડ અને ઈસીબી જરૂરિયાત માટે સરળ ક્રોસ-બોર્ડર ફાઈનાન્સિંગ સ્ટ્રક્ચર સાથે અમારી પ્રોડક્ટ ઓફરિંગ વધારવામાં મદદરૂપ બનશે. તેનાથી અમારા ક્લાયન્ટ્સ તથા વિદેશો અને ભારતમાં તેમની વૃદ્ધિ યોજનાઓને લાભ થશે. ગિફ્ટ આઈએફએસસી ભારતની વૃદ્ધિને બળ આપશે અને વિશ્વવેપાર કોરિડોર્સમાં એકરૂપતાને સહયોગ આપશે.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી દરરોજ સાંજે કે રાત્રે વાતાવરણમાં પલ્ટો આવે છે. આકાશમાં વાદળો ઘેરાય છે અને વીજળીના જોરદાર કડાકા ભડાકા થઈ વરસાદ વરસે છે. રવિવારે રાત્રે સેકટર-૬માં ઝાડ ઉપર વીજળી પડતાં ઝાડ સળગવા લાગ્યું હતું. ફાયરબ્રિગેડે સ્થળ પર પહોંચી આગ ઓલવી હતી. પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને લોકોને ઘટનાસ્થળ પાસેથી દૂર હટાવ્યા હતા.

ઘ-૬ સર્કલ પાસે ઈન્દ્રોડાના યુવક પર જીવલેણ હુમલો

ઘ-૬ સર્કલ પાસે ઈન્દ્રોડાના યુવક પર હુમલો થતા ચાર શખ્સો સામે ગુનો નોંધાયો છે. મહેન્દ્રસિંહ બળદેવજી ગોહિલે આ અંગે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાત્રે ૯ વાગ્યાના સુમારે તે તથા તેનો મિત્ર ધર્મેન્દ્રસિંહ સચિવાયલથી પેથાપુર બાજુ જતા હતા. આ સમયે ચ-૬ સર્કલ પાસે સે-૨૮ના કોર્નર પાસે ઈંડાની લારી પર તેઓ ઉભા રહ્યાં હતા. આ સમયે ત્યાં બેઠેલા ત્રણ-ચાર છોકરાઓ સાથે ઓર્ડર બાબતે ધમેન્દ્રસિંહને માથાકુટ થતા તેઓ નીકળી ગયા હતા. મિત્રને પેથાપુર ચોકડી ખાતે મુકીને ફરિયાદી પાછો ફર્યો ત્યારે ઈંડાની લારી પર ઉભેલા અન્ય એક મિત્રને મળવા માટે ઉભો રહ્યો હતો. આ સમયે ત્યાં બેઠેલા અન્ય યુવકો ફરિયાદી પાસે આવ્યા હતા. 'આ એ જ છે જેની સાથે થોડીવાર પહેલાં બાલોચાલી થઈ હતી' કહીને તેમણે ફરિયાદીને માર મારવાનું શરૂ કરી દીધું હતું. લાકડી, પાઈપ અને પટ્ટાથી હુમલો થતાં છોડાવવા વચ્ચે પડેલાં અન્ય લોકોને યુવકોએ માર માર્યો હતો. ચાર યુવકો પૈકી એકે ફરિયાદીને માથામાં લાકડી અને પાઈપ મારતા લોહી નીકળવા લાગ્યું હતું અને તે નીચે પડી ગયો હતો. જેને પગલે ચારેય શખ્સો મોતની ધમકી આપીને જતા રહ્યાં હતા. ઘટનાને પગલે યુવકના ભાઈઓ દોડી આવ્યા હતા અને તેને ગાંધીનગર સિવિલ ખસેડ્યો હતો. જ્યાંથી યુવકને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. યુવકેને માથામાં બે જગ્યાએ તથા જમણી આંખે ટાંકા લેવાની ફરજ પડી હતી. સમગ્ર મુદ્દે યુવકે પેથાપુરના કિશન, સેક્ટર-૩૦ ખાતે રહેતાં મંથન ભરતભાઈ સોલંકી અને વિકાસ ભરતભાઈ સોલંકી તથા તેમનો એક મિત્ર મળી કુલ ચાર સામે ફરિયાદ નોંધાવી હતી.

૧૮ જેટલી ફિલ્મોને ચાર કરોડથી વધારે સરકાર દ્વારા ચુકવણી કરાઈ

ગાંધીનગર,તા.૧૪

રાજ્ય સરકાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા અપાતી ફિલ્મની સબસીડી આપવાની નીતિ મુજબ ૧૮ જેટલી ફિલ્મોને સબસીડી પેટે જુની નિતિને બદલ નવી નીતી મુજબ ૪ કરોડથી વધારે ચુકવણી કરવામાં આળી છે. આ માહિતી અધિકાર હેઠળ મેળવેલી માહિતીમાં બહાર આવવા પામી છે. અમદાવાદના મનોજ કુમાર પટેલે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ મેળવેલ માહિતી મુજબ જાન્યુઆરી ૨૦૨૦માં આશરે ૩૭ જેટલી ગુજરાતી ફિલ્મોના ગુણાંકન આધારિત સબસીડી ગ્રેડેશન માટે સરકારે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સ્ક્રીનીંગ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ૩૭ ફિલ્મો પૈકી ૧૮ ફિલ્મો એવી હતી કે જે વર્ષ ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮માં રજુ થયેલ સબસીડી નીતિ ૨૦૧૬ હેઠળ આવતી હોવા છતાં આ ફિલ્મોને ૮ માર્ચ ૨૦૧૯ના રોજ આવેલ ફિલ્મ સબસીડી નીતિ ૨૦૧૯ હેઠળ રૂપિયા ૪ કરોડ જેટલા વધુ નાણા ચુકવવામાં આવેલ છે.

આ પ્રકરણમાં સબસીડી માટે નિયમો બનાવતી અને સજેસ્ટ કરતી મેકો લેવલ કમિટીના સભ્યોની ફિલ્મોને ફાયદો કરાવી ૨૦૧૬ને બદલે ૨૦૧૯ની નવી નીતિ મુજબ ચુકવી રાજયની તિજોરીને ચાર કરોડનીથી વધુનુ નુકસાન કરાવ્યું છે. આ અંગે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી જરૂરી કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

૧૧ હોટલ-રેસ્ટોરન્ટમાં મચ્છરોના ભારે બ્રિડીંગ મળતાં તંત્રએ નોટીસ થમાવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો આજે જિલ્લામાં આવેલ ૪૪૯ જેટલી

હોટલ, ઢાબા, રેસ્ટોરન્ટની તપાસ હાથ ધરી ૧૧ જેટલા હોટલ સંચાલકોને નોટીસ ફટકારી છે.

આજથી બીજા તબક્કાના શરૂ થયેલ સર્વેલન્સના પ્રથમ દિવસે જ તંત્રની ટીમોએ આ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબામાં ૩૮૧૧ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ હાથ ધરી હતી. જેમાં ૨૦૨ જેટલા સ્થાનો પર મચ્છરોના પોરા મળી આવતાં ત્યાં એન્ટી લારવેલ અને સોર્સ રિડક્શનની કાર્યવાહી આ ટીમો દ્વારા કરવામાં આવી હતી.

તંત્રની ટીમોએ આજે બીજા તબક્કામાં પણ ૪૪૭ જેટલા સંચાલોકને નોડલ બનાવ્યા હતા તેમને મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય તેને લઈ તાલિમ પણ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૨૧૭ હોટલ-ઢાબા અને રેસ્ટોરન્ટના ૨૧૧૪ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરાઈ હતી. જેમાં ૭૪ સ્થાનો પર મચ્છરોના પોરા મળી આવ્યા હતા. એક હોટલ સંચાલકને ભારે બ્રીડીંગ મળતાં તંત્રની ટીમ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

દહેગામ તાલુકામાં ૩૬ જેટલી હોટલ-ઢાબા અને રેસ્ટોરન્ટના ૨૨૬ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરાઈ હતી. જેમાં ૭ જગ્યાએ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. ૧ હોટલ પરથી ભારે બ્રિડીંગ મળતાં તેના સંચાલકને નોટીસ અપાઈ હતી.

કલોલ તાલુકાના ૧૦૬ હોટલ-રેસ્ટોરન્ટ અને ઢાબામાં ૭૯૫ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરાઈ હતી. જેમાં ૬૬ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળ્યા હતા. ૯ હોટલ સંચાલકોને તંત્રએ નોટીસ આપી છે.

માણસા તાલુકામાં ૯૦ જેટલી હોટલ રેસ્ટોરન્ટ-ઢાબાના ૬૭૬ જેટલા સંભવિત સ્થાનોએ તપાસ કરાઈ હતી. જેમાં ૫૫ સ્થાનો પર મચ્છરના પોરા જોવા મળતાં તંત્રની ટીમોએ એન્ટી લારવેલ અને સોર્સ રિડક્શનની કાર્યવાહી કરી હતી.

કોરોના કાળમાં ચાલુ વર્ષે નવરાત્રી યોજાવી ન જોઈએ : ડૉ. જે. વી. મોદી

અમદાવાદ,તા.૯

રાજ્યમાં સતત વધતા જતા કોરોના મહામારીના લીધે ચાલુ વર્ષે નવરાત્રી યોજવી જોઈએ કે કેમ તે અંગે ચર્ચા ચાલુ છે. આ સંદર્ભે સિવિલના સુપ્રિ. ડૉ. જેવી મોદીએ કોરોનાના વધતા જતા કેસ અંગે ચિંતા વ્યક્ત કરતા જાહેર જનતાની આરોગ્યની સલામતી માટે ચાલુ વર્ષે નવરાત્રીને મંજુરી આપવી ન જોઈએ તેમ સ્પષ્ટ જણાવ્યું છે. રાજ્યમાં સતત કોરોનાના કેસ વધતા જાય છે. રાજ્યમાં વધુને વધુ ડૉક્ટરો કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. તેવી સ્થિતિમાં નવરાત્રી યોજાવી ન જોઈએ તે મતલબનું નિવેદન અમદાવાદ મેડીકલ એસોશીયેશનના પ્રમુખ ડૉ. મોના દેસાઈએ કર્યું હતું. આ સંદર્ભમાં આજે સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. જેવી મોદીએ કોરોનાની મહામારી વધી રહી છે. ત્યારે નવરાત્રી રાજ્યમાં યોજાશે તો સોશીયલ ડિસ્ટન્સીંગ જળવાશે નહીં અને કોરોનાનું સંક્રમણ ઝડપથી વધશે. દરમિયાનમાં જુનિયર ડૉક્ટર એસોશીયેશને પણ કોરોનાના વધતા જતા સંક્રમણને જોતા ચાલુ વર્ષે નવરાત્રી ન યોજાવી જોઈએ.

અન્ડર પાસને અનુલક્ષીને હવે કલેકટર કચેરી પાસેથી કોર્ટ તરફ ડાયવર્ઝન

હવે ઘ-માર્ગ પર ઘ-૪ સુધી નહી પરંતુ કલેકટર કચેરી સુધી જ અવરજવર થઇ શકશે : ઉદ્યોગભવનના કર્મચારીઓ કલેકટર કચેરી પાસેના સર્વિસ રોડનો ઉપયોગ કરી શકશે : ચ માર્ગ પરથી પણ ઉદ્યોગભવન જવા માટેનો નવો ગેટ ખુલ્લો રહેશે

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષીને ઘ-૪ પાસેથી માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે. જયારે હવે અન્ડરપાસના પ્રોજેકટનુ કામ આગળ વધતા હવે કલેકટર કચેરીથી ઉદ્યોગભવન સુધીનો માર્ગ પણ બંધ કરી કોર્ટ ના ગેટ નં-૨ તેમજ બીજીતરફ ઉમિયા મંદિર તરફ જવાના માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે. ઉદ્યોગભવનમાં જવ માટે કર્મચારીઓને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કની એકતરફનો રસ્તો આપવામાં આવ્યો છે.

શહેરના હાર્દસમા વિસ્તાર ઘ-૪ પાસે અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. અગાઉ પ્રાથમિક તબક્કે સર્કલ દુર કરીને અન્ડર પાસનુ કામ શરૂ કરાયુ હતુ જયારે પ્રાથમિક કામગીરીના અંતે પ્રોજેકટનુ કામ આગળ વધતા અગાઉ આ વિસ્તારમાં અવરજવરત કરતા ટ્રાફિકને અનુલક્ષીને ડાયવર્ઝન અપાયુ હતુ. જેના લીધે હાલ ઘ-૪ થી ઘ-૫ તરફ જવાનો માર્ગ બંધ છે. જયારે આ માટે ગ માર્ગ પર ડાયવર્ઝન અપાયુ હતુ પરંતુ હવે આ માર્ગ પર નવુ ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. અલબત્ત કલેકટર કચેરીથી જ ઘ માર્ગ પર આગળની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે. આ માટે કોર્ટ કચેરી પાસેથી ગેટ નં -૨ ના વળાંક પર ટ્રાફિક ડાયવર્ટ કરી દેવાયો છે. જયારે બીજીતરફ ઉમિયા મંદિર તરફ જવાના માર્ગ પર ટ્રાફિકને ડાયવર્ટ કરાયો છે. જયારે ઉદ્યોગભવનના કર્મચારીઓ માટે ચ માર્ગ પરથી ઉદ્યોગભવનના વિસ્તારમાં નવો ગેટ બનાવાયો છે. જે કર્મચારીઓની અવરજવર માટે ખુલ્લો રહેશે. ઘ-૪ થી સ્વર્ણિમ પાર્ક તરફ જવાનો માર્ગ પણ બંધ રહેશે. જયારે કલેકટર કચેરીથી ઉદ્યોગભવન સર્વિસ રોડ પરથી પણ જઈ શકાશે. જેથી કોર્ટના ગેટ નં -૨ ના વિસ્તારમાં કોઈએ વાહન પાર્ક કરવા નહી તેમ પણ જણાંવાયુ છે.

ડભોડા તાલુકા પ્રાથમિક કુમાર શાળાને દિવાલ ઘડિયાળનું દાન કરાયુ

ગાંધીનગર તાલુકાની તાલુકા પ્રાથમિક કુમાર શાળાને આનંદપુરાના હરિદ્વાર ચેરીટેબલ ટ્રસ્ટના વ્યવસ્થાપક બાબુજી ઠાકોર દ્વારા શાળાના દરેક વર્ગખંડ તથા કાર્યાલય માટે ઘડિયાળની ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા દાતા બાબુજી ઠાકોરનું સન્માન કરી સેવાને બિરદાવી હતી. દાતા દ્વારા શાળાને જરૂરી અન્ય સુવિધાઓ માટે સાથ-સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

આગામી ૨૧મી ઓક્ટોબરથી મગફળીની ખરીદી શરૂ કરાશે

૧લી ઓક્ટોબરથી રજીસ્ટ્રેશન શરૂ થશે જે હેઠળ ૨૦મી ઓક્ટોબર સુધીમાં ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે

ગાંધીનગર,તા.૧૪

કૃષિ મંત્રી આરસી ફળદુએ જણાવ્યુ છે કે, ખેડૂતોના હિતને વરેલી અમારી સરકારે આજે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કરીને આગામી તા.૨૧મી ઓક્ટોબર ૨૦૨૦થી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રી ફળદુએ મીડિયાને વિગતો આપતાં કહ્યુ કે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરાયો છે. મગફળીની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા માટે તા.૧લી ઓક્ટોબરથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે અને ૨૦ દિવસ રજિસ્ટ્રેશન ચાલુ રહેશે. ત્યારબાદ તા.૨૧મી ઓક્ટોબરથી ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા હાથ ધરાશે. ખરીદીની પ્રક્રિયા રાજ્યમાં ૯૦ દિવસ સુધી ચાલશે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ નાફેડ એજન્સી દ્વારા ખરીદી કરાશે. એ માટે ગુજરાત અન્ન નાગરિક પુરવઠા નિગમ નોડલ એજન્સી તરીકે નિયત કરવામાં આવી છે. ફળદુએ ઉમેર્યું કે રાજ્યમાં ચાલુ વર્ષે વર્ષાઋતુમાં સારો વરસાદ થવાના પરિણામે રવિ અને ઉનાળુ સીઝનમાં પણ ખેડૂતો વધુ વાવેતર કરી શકશે. રાજ્યમાં મગફળીની ખરીદી કરવામાં આવશે, એમાં પ્રતિ મણ રૂ. ૧૦૫૫ના ભાવે ખરીદી કરાશે. સામાન્ય રીતે લાભપાંચમથી મગફળીની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. પરંતુ આ વર્ષે અધિક માસ છે અને જે ખેડૂતોએ વહેલી મગફળીનું વાવેતર કર્યું હતું એવા વિસ્તારના ખેડૂત અગ્રણીઓ દ્વારા ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા વહેલી કરવા માટે રજૂઆત કરતા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંવેદનશીલ નિર્ણય લઈ વહેલી ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે ઉમેર્યું કે મગફળીની ખરીદી બાદ આગામી સમયમાં કઠોળ પાકોની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. મંત્રી ફળદુએ ઉમેર્યું કે રાજ્યમાં અતિવૃષ્ટિના પરિણામે જે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થયું છે એ માટે હર હંમેશની જેમ સરકાર ખેડૂતોના પડખે ઊભી રહી છે. જે ખેડૂતોના ઊભા પાકને ૩૩ ટકાથી વધુ નુકસાન થયું છે એમને એસડીઆરએફના ધોરણે સહાય કરવાનો અમારી સરકારે નિર્ણય કર્યો છે. આ માટે સર્વેની કામગીરી ચાલુ છે. જે પંદર દિવસમાં પૂર્ણ કરવાની છે. અંદાજે રાજ્યમાં ૧૩ લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતોના પાકને નુકસાન થયું છે. જે પૈકી ત્રણ લાખ હેક્ટર વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે અને જરૂર જણાય તો ખેડૂતોના હિત માટે સર્વેની કામગીરી લંબાવાશે.